# યુદ્ધ ભલે ન કરો, આતંકવાદીઓનો સફાયો કરો

## ગાંધીનગરમાં નાગરિકો પાકિસ્તાન સાથે યુદ્ધ કરવા કરતાં સર્જીકલ સ્ટ્રાઈક કે એરસ્ટ્રાઈક જેવા વિકલ્પો પર વધુ ભાર મુક્યો : કેટલાક નાગરિકો ''યુદ્ધ એજ કલ્યાણ'' માને છે



''યુદ્ધ કરવામાં બે બાજુ ખુવારી છે તેના કરતા વડાપ્રધાન મોદીજીએ જે રીતે આર્થિક નાકાબંધી કરી કૂટનીતિ અપનાવી છે તે વધુ યોગ્ય ઉપાય છે, અત્યારે યુદ્ધ કરવુ જરૂરી લાગતુ નથી પરંતુ આંતકવાદીઓનો સફાયો કરવો જરૂરી છે.''

**- મહેન્દ્ર પટેલ, શહેર પ્રમુખ, ભાજપ**

●●●

''પાકિસ્તાન જે રીતે વર્તી રહ્યું છે, તેઓ સરહદ પાર આતંકવાદ ફેલાવી રહ્યાં છે તેથી તેનો જવાબ આપવો અને આપણી ક્ષમતા દેખાડવી જરૂરી છે. આતંકવાદ વૈશ્વિક સમસ્યા છે અને તેનું મોટુ પ્રોડક્શન હાઉસ પાકિસ્તાન છે જે આતંકવાદીઓનો અડ્ડો બની ચુક્યુ છે તેને ખતમ કરવું જરૂરી છે.''



**- મહેન્દ્ર મોડિયા, ડાયરેક્ટર ઓફ ફિઝિકલ એજ્યુકેશન, સમર્પણ કોલેજ**

●●●

''પાકિસ્તાન વારંવાર આતંકવાદી હુમલા આપણા દેશમાં કરાવી અસ્થિરતા સર્જે છે, જ્યારે ભારત આતંકવાદીઓ વિરૂદ્ધ કોઈ એરસ્ટ્રાઈક જેવી કાર્યવાહી કરે તો ભારતને જવાબ આપવાની વાતો કરે છે, આ તમામ બાબતોનો મારા મતે એક ઉકેલ એ જ છે કે ભારતે એકવાર પાકિસ્તાન સાથે મોટુ યુદ્ધ કરી તેને ખોખરૂ કરવું જોઈએ જેથી ફરીવાર ક્યારેય આ પ્રકારની મુસ્તાખી ના કરે.''



**- જતીન સોની, સે. ૩**

●●●

''યુદ્ધ એ આતંકવાદ નાબૂદ કરવાનો વિકલ્પ નથી, યુદ્ધ જાહેર કરતા પહેલા સૈન્યની તૈયારીઓ સાથે આર્થિક પાસા ચકાસવા જોઈએ. આંધળુકિયું ના થાય તે જરૂરી છે. યુદ્ધ કરવા કરતા ઓસામા બિન લાદેનનો જેમ અમેરિકાએ માર્યો તેમ આતંકવાદીઓના આકાઓને લક્ષ્ય બનાવી ખતમ કરવા જોઈએ. યુદ્ધથી તો કચ્છથી કાશ્મીર સુધીની સરહદો સળગી ઉઠશે.''



**- અરૂણ બુચ, શહેર વસાહત મહામંડળ**


●●●



''સર્વ પ્રથમ તો રાષ્ટ્રભક્તિ કે રાષ્ટ્રહિત હોવી જોઈએ આમાં કોઈ રાજનીતિ ના હોવી જોઈએ. આપણા જે વીંગ કમાન્ડરની ધરપકડ કરી છે તેને સહી સલામત પરત લાવવાની વ્યવસ્થા કરવી જોઈએ. ત્યાં સુધી કોઈ રાજનીતિ કે કાર્યક્રમો કરવા ના જોઈએ. જ્યાં સુધી યુદ્ધની વાત લાગે છે તે સૈન્યના વડાનો નિર્ણય હોય. આ સાંપ્રત પરિસ્થિતિમાં દેશના જે જવાનો શહીદ થયાં છે તેનો જવાબ કઈ રીતે અને કઈ દિશામાં આપવો તે નિર્ણય સૈન્યના વડાનો હોય તે સર્વોપરી હોવો જોઈએ તેની સાથે દેશના તમામ નાગરિકો ચાહે કોઈ પણ રાજકીય વિચારસરણી ધરાવતા હોય તેમણે અનુસરવો જોઈએ.''

**- નિશિત વ્યાસ, મહામંત્રી, કોંગ્રેસ**

●●●



''ભારતે સીધા કોઈ યુદ્ધમાં ઉતરવું હિતાવહ નથી, પરંતુ કુટનીતિ વાપરી પાકિસ્તાનને ઘેરી વિશ્વ સમક્ષ ખુલ્લું પાડવું જોઈએ. અમેરિકાની જેમ આપણે પણ અઝહર મસૂદ અને હાફિઝ સઈદ જેવા આંતકવાદીઓ અને તેમના સંગઠનોનો ખાત્મો બોલાવવો જોઈએ.''

**- કાશમીરા નડિયાદરા, વિદ્યાર્થિની**

●●●



''યુદ્ધ કરવા કરતા ભારતે આતંકવાદીઓનો સફાયો થાય તેવા પગલાં ભરવા જોઈએ. જે રીતે એર સ્ટ્રાઈક અને સર્જીકલ સ્ટ્રાઈકથી આ કાર્ય થઈ રહ્યું છે તે વધુ યોગ્ય છે. આમ છતાં જો આતંકવાદ કાબૂમાં ના આવે તો અંતિમ વિકલ્પ તો યુદ્ધ છે, પરંતુ હવે ભારતના વધુ જવાનો શહીદ ના થાય તે જોવુ જરૂરી છે.''

**- ડો. રણછોડ રથવી, એનએનસએસ પ્રોગ્રામ ઓફિસર, અશ્વિનભાઈ કોમર્સ કોલેજ**

●●●

''યુદ્ધ તો કરવું જોઈએ પરંતુ તે સાથે આતંકવાદીઓનું કાયમી નિકંદન નીકળી જાય અને જ્યારે અને ત્યારે દેશ પર આતંકનો ઓછાયો છવાય છે તે સ્થિતિ ફરી ના સર્જાય તેવું કરવું જોઈએ. પાકિસ્તાન ફરી આતંકવાદીઓને પોષે નહી તે માટે યુદ્ધ કરી તેને પાઠ ભણાવવો જોઈએ.''



**- હસમુખભાઈ શાહ, સિનિયર સિટીઝન કાઉન્સિલ**

●●●

ભારતે આરપારની લડાઈ લડી લેવી જોઈએ. છેલ્લા પાંચ દાયકાથી આતંકવાદી પ્રવૃત્તિઓથી દેશના અનેક નિર્દોષ નાગરિકોએ જાન ગુમાવ્યા છે. નાગરિક જીવનને અસ્ત-વ્યસ્ત કરવાનો પ્રયાસ કર્યો છે. આતંકવાદને પગલે વિકાસમાં રૂકાવટ આવી છે. આ તક છે અને ભારત જોશમાં છે ત્યારે આતંકવાદને નેસ્તનાબૂદ કરવો જ જોઈએ.



**- જયેશ પંચોલી, ફિલ્મ ડિરેક્ટર-કોરિયોગ્રાફર**

# સ્પેશિયલ ઑલમ્પિક્સ વર્લ્ડ સમર ગેમ્સ માટે ગુજરાતના ૧૪ ખેલાડીઓની પસંદગી

આગામી માર્ચ માસની તા. ૧૪મીથી ૨૨મી દરમ્યાન અબુધાબી ખાતે માનસિક ક્ષતિગ્રસ્ત ખેલાડીઓ માટે સ્પેશિયલ ઑલિમ્પિક્સ વર્લ્ડ સમર ગેમ્સ-૨૦૧૯ યોજાશે. જેમાં ૧૯૨ દેશોના ૭૫૦૦થી વધુ એથ્લેટ્સ ભાગ લઈ રહ્યાં છે. સ્પેશિયલ ઑલિમ્પિકમાં ભારતના ૨૮૯ ખેલાડીઓ ભાગ લઈ રહ્યાં છે. જેમાં ગુજરાતના ૧૪ ખેલાડીઓનો સમાવેશ થાય છે. જે ગુજરાત માટે ગૌરવની વાત છે.

અત્રે ઉલ્લેખનીય છે કે રીઓ પેરા ઑલિમ્પિકમાં ભારતના દિવ્યાંગ





ખેલાડીઓના ઉત્કૃષ્ઠ પ્રદર્શન બાદ વડાપ્રધાન દ્વારા પેરા ઑલિમ્પિકના ખેલાડીઓના વિકાસ માટે વિશેષ ધ્યાન આપી રહ્યાં છે. આ અગાઉ તેઓ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે વર્ષ ૨૦૧૩થી સ્પેશિયલ ખેલ મહાકુંભનું પણ આયોજન ચાલુ કર્યુ હતુ. જેમાં દિવ્યાંગ ખેલાડીઓને વિવિધ ચાર જુથોમાં વહેંચી તેમનું કૌશલ્ય પ્રદર્શિત કરવા તક પુરી પાડવામાં આવે છે. આ ચાર જુથોમાં મુકબધિર ખેલાડીઓ, પ્રજ્ઞાચક્ષુ ખેલાડીઓ, માનસિક ક્ષતિગ્રસ્ત ખેલાડીઓ તથા શારીરિક ક્ષતિગ્રસ્ત ખેલાડીઓનો સમાવેશ થાય છે. સ્પેશિયલ મહાકુંભ-૨૦૧૮ અંતર્ગત રૂ. ૮ કરોડનું બજેટ ફાળવી ૧૬,૯૪૬ ખેલાડીઓને રોકડ પુરસ્કાર પેટે અત્યાર સુધીમાં રૂ. ૫.૭૩ કરોડ ચુકવવામાં આવ્યા છે. આ સાથે ઉલ્લેખનીય છે કે પેરા એશિયન ગેમ્સ-૨૦૧૮માં ગુજરાતના દિવ્યાંગ ખેલાડીઓ પારૂલ પરમારે બેડમિન્ટનમાં ગોલ્ડ અને ભાવિના પટેલ તથા સોનલ પટેલે ટેબલ ટેનીસમાં સિલ્વર મેડલ્સ જીતી ગુજરાતનું નામ રોશન કર્યું છે.

| નામ | રમત |
|---|---|
| મંત્ર જીતેન્દ્રકુમાર હરખાની | સ્વીમીંગ |
| જ્યોતિ પરાગભાઈ વરધા | એથ્લેટીક્સ |
| મનીષાબેન ભીખાભાઈ ચૌહાણ | બાસ્કેટબોલ |
| ચિરાગ બબાજી ઠાકોર | બાસ્કેટબોલ |
| નયનકુમાર ગોપાલભાઈ દેવધરીયા | સાયકલીંગ |
| રેશ્મા અયુબભાઈ તુર્ક | ફૂટસલ |
| ચાર્મી પ્રકાશભાઈ પટેલ | હેન્ડબોલ |
| રક્ષીતકુમાર વિષ્ણુભાઈ પટેલ | પાવરલીફટીંગ |
| રાજ હિતેન્દ્રકુમાર બંધારા | રોલર સ્કેટીંગ |
| વિનાયક વિષ્ણુપ્રસાદ રાજ્યગુરૂ | બાસ્કેટબોલ |
| રાજેશ અર્જુનભાઈ પગી | હેન્ડબોલ |
| દર્શનકુમાર મહેશભાઈ પટેલ | હેન્ડબોલ |
| સોમીબેન લાલાભાઈ ડામોર | વોલીબોલ |
| પુષ્પા ગણપતભાઈ બારીયા | વોલીબોલ |
| વિપુલભાઈ મોદી | વોલીબોલ (કોચ) |
| દેવાંગી દવે | વોલીબોલ (કોચ) |
| મહેન્દ્રસિંહ મંડોરા | પાવરલિફટીંગ (કોચ) |
| ડૉ. ધર્મેન્દ્રસિંહ વાઘેલા | એથ્લેટીક્સ (આ. કોચ) |
| મનિષ ચાવડા | હેન્ડબોલ (અમદા આ. કોચ) |



જીએમઈઆરએસ મેડીકલ કોલેજ ગાંધીનગર ખાતે તમામ તબીબી શિક્ષકો દ્વારા સાતમા પગાર પંચના વિલંબ બદલ સરકાર સામે કાળીપટ્ટી ધારણ કરી સખત વિરોધ નોંધાવ્યો હતો. જો સમસ્યાનો ઉકેલ નજીકના દિવસોમાં નહીં આવે તો જીએમઈઆરએસ ફેકલ્ટી એસોસિએશન તેમજ જીએમટીએના તમામ તબિબિ શિક્ષકો દ્વારા રેલી, ધરણા સહિત ઉગ્ર કાર્યક્રમ આપવામાં આવશે.

## વિનામૂલ્ય નેત્ર ચિકિત્સા કેમ્પ યોજાયો

ઓએનજીસી અને અનુગ્રહ દૃષ્ટિદાન દ્વારા સી.એસ.આર. અંતર્ગત પીંપળજ ગામમાં વિનામૂલ્યે નેત્ર ચિકિત્સા શિબિર યોજાઈ હતી. જેમાં ઓએનજીસી જીપી-૧૬ જીઓફિઝીકલ સર્વિસિસ વડોદરા અને અનુગ્રહ દૃષ્ટિદાન દ્વારા દર્દીઓને મોતિયો, નેત્રમણી તેમજ વિનામૂલ્યે નિદાન તથા ઓપરેશન કરી આપવામાં આવ્યા હતા. જેમાં કુલ ૩૭૬ દર્દીઓએ આંખની તપાસ કરાવી હતી. ૨૧૩ દર્દીઓને નંબરના ચશ્મા અપાયા હતા. આ ઉપરાંત ૩૫ મોતિયાના ઓપરેશન કરવા માટે ઓએનજીસીની ગાડીમાં વિનામૂલ્યે નવલભાઈ હીરાબા આંખની હોસ્પિટલ બારેજા લઈ જવાયા હતા.

શિબિર અંતર્ગત અનુગ્રહ દૃષ્ટિદાનના મુખ્ય પ્રબંધક સંજયભાઈ ઓટવાલ, ઓનજીસી વડોદરાના સંજીવભાઈ ટંડન, પી.સી.જૈન, જીપી-૧૬ના મહાવીરસિંઘ તથા અન્ય અધિકારીઓ સાથે નવા પીંપળજ ગામના સરપંચ, ઉપસરપંચ અને પુસ્તકાલય મંડળ સાથે ગામના આગેવાનો હાજર રહ્યા હતા.

## ચિલોડામાં દીપ પ્રગટાવી વિજયોત્સવ ઉજવાયો

ગાંધીનગર તાલુકાના ચિલોડા મહાકાલી માતાજી મંદિર ચોકમાં કમળ જ્યોતિ કાર્યક્રમ અંતર્ગત સરકારની વિવિધ યોજનાઓના લાભાર્થી દ્વારા કમળદીપ પ્રગટાવવાનો અનોખો કાર્યક્રમ સહિત વિજયોત્સવ મનાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગામના ભાજપના સક્રિય કાર્યકર ચિલોડા સેવા સહકારી મંડળીના ચેરમેન જૈમિન પટેલ, એડવોકેટ વિષ્ણુભાઈ સી. પટેલ, નટુભાઈ પટેલ સહિત ગામના યુવાનો ઉપસ્થિત રહી ભારત માતા કી જય, વંદેમાતરમના નારા લગાડી કમળદીપ કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

## હસમુખ મેકવાન દિગ્દર્શિત નાટક 'વરૂ જોડે એક રાત'નું નડિયાદમાં મંચન

ગાંધીનગરના પીઢ અભિનેતા હસમુખ મેકવાન દિગ્દર્શિત અને આબિદ સુરતી લિખિત હાડ ધ્રુજાવતું થ્રીલર નાટક 'વરૂ જોડે એક રાત' આગામી તા. ૩જી માર્ચ રવિવારના રોજ નડિયાદના પીજ રોડ પર ડૉ. આંબેડકર હોલ ખાતે સાંજે ૬ કલાકે યોજાશે. નડિયાદ શહેર-તાલુકા પેન્શનર ફોરમ દ્વારા ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી નિર્મિત આ નાટક મહિલા શકિતનો સંદેશો પાઠવનારું છે. આ નાટકમાં ગંગા નામની પરણેતર પોતાના પિયુને શોધવા મોહનગરી મુંબઈ જાય છે અને મૌલિક નામના અઢંગુ યુવાન સાથે સપડાય છે અને એક તબક્કે મૌલિકમાં જાગેલા વરૂનું ગંગાના નિર્દોષ ભોળપણ અને નિખાલસતાને કારણે હૃદય પરિવર્તન થાય છે તેની કહાની વણી લેવાઈ છે.

# ગુજરાત ઠાકોર-કોળી વિકાસ નિગમ દ્વારા ૮ કરોડના સહાય ચેકનું વિતરણ

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ સમાજના નબળા વર્ગોના આર્થિક ઉત્કર્ષ સહિત સામાજીક સમરસતાનો ધ્યેય સાકાર કરવા રાજ્ય સરકારની સંકલ્પબધ્ધતા વ્યકત કરી છે.





આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, છેવાડાના માનવીનો વિચાર કરીને ભારતીય જનતા પાર્ટીની સરકાર દરેક યોજના ઘડે છે અને તેનું વ્યાપક અમલીકરણ પણ સાચ અર્થમાં કરે છે.

શ્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાત ઠાકોર-કોળી વિકાસ નિગમના ઉપક્રમે યોજીત સાધન-સહાય વિતરણ કાર્યક્રમમાં ૧૨૬૦ લાભાર્થીઓને રૂ. ૮ કરોડના સહાય ચેક ડીબીટી તહેત લાભાર્થીના બેન્ક ખાતામાં જમા કરાવવાનો પ્રારંભ કરાવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે ''ગરીબી હટાવો''ના માત્ર નારા આપનારી કોંગ્રેસે ગરીબોને ઠેરના ઠેર રાખ્યા. ભારતીય જનતા પાર્ટીએ સાચ અર્થમાં ગરીબ વર્ગોની ચિંતા કરીને આયુષ્યમાન ભારત, કિસાન સન્માન નિધિ, સૌભાગ્ય યોજના, ઉજજવલા યોજનાથી કરોડો પરિવારોના ઘરમાં આર્થિક ઊજાસના દિવડા પ્રગટાવ્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ ગરીબોને પોતીકું ઘર મળે અને ૨૦૨૨ સુધીમાં હરેકને આવાસ મળી રહે તે માટે PMAY, ઘર ઘર શૌચાલય સાથે બચ્ચોકો પઢાઇ, બૂર્ઝુગો કો દવાઇ અને કિસાનો કો સિંચાઇનો વિકાસ પથ ગુજરાતે કંડાર્યો છે તેની ભૂમિકા આપી હતી.

શ્રી વિજયભાઇ રૂપાણીએ નિગમના ઉપક્રમે લોન-સાધન સહાય મેળવીને આત્મનિર્ભર-પગભર થઇ રહેલા લાભાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ કે, રાજ્ય સરકાર ગરીબ, વંચિત, પીડિત, શોષિત સૌ જરૂરતમંદ વ્યકિત-પરિવારોની આંગળી ઝાલી આધાર આપવા પ્રતિબધ્ધ છે. તેમણે ગરીબ કલ્યાણ મેળાની સફળતા વર્ણવતા એમ પણ કહ્યું કે, ગરીબોને સાધન-સહાય અમે લાખો લોકોની વચ્ચે જાહેરમાં આપીને વચેટિયા પ્રથા નાબૂદ કરી છે.

મુખ્યમંત્રીશ્રીએ ભારતીય જનતા પાર્ટીની સરકાર સર્વ સમાજવર્ગોના ઉત્થાન સાથે અયોધ્યામે રામ, યુવાનો કો કામ, મહેંગાઇ પે લગામ, મિટાદો ભ્રષ્ટાચારી બદનામનો અભિગમ પાર પાડી રહી છે, એમ પણ ગૌરવ સાથે જણાવ્યું હતું.

શ્રી વિજયભાઇ રૂપાણીએ 'સૌના સાથ સૌના વિકાસ'ના મંત્રથી સૌ સમાજવર્ગો, યુવાઓ લાભાર્થીઓને સહાય મદદ પૂરી પાડી ભારતને વિશ્વગુરૂ બનાવવાનો સંકલ્પ દોહરાવ્યો હતો. ગુજરાતના સપૂત પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીની હિંમત અને પ્રેરણાથી ભારતીય સેનાએ પાકિસ્તાનમાં ઘૂસી જઇ ૩૫૦ થી વધુ આતંકવાદીઓનો ખાત્મો બોલાવ્યો તેને સમગ્ર રાષ્ટ્ર માટે ગૌરવ ઘટના ગણાવી હતી.

પાણી પૂરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઇ બાવળીયા, સામાજીક ન્યાય અધિકારિતા મંત્રી શ્રી ઈશ્વરભાઇ પરમારે લોન સહાય મેળવીને સ્વાવલંબન-આત્મનિર્ભર થઇ રહેલા લાભાર્થીઓને શુભેચ્છાઓ આપી હતી. નિગમના અધ્યક્ષ શ્રી ભૂપતભાઇ ડાભીએ સૌને આવકાર્યા હતા.

